પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./જાહેરનામું/૪૦૯-૨ /૨૦૨૧ તારીખ : ૦૫/૧૦/૨૦૨૧

## જાહેરનામું

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

વડોદરા શહેરમાં ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવ નિમિતે તારીખ:૦૭/૧૦/૨૦૨૧ ના રોજ શ્રી દુર્ગા માતાજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને માં દુર્ગા ની મુર્તિઓના વિસર્જન ૧૫/૧૦/૨૦૨૧ ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખ થી વિસર્જન ની તારીખ ના દિવસો દરમિયાન સમગ્ર શહેર મા નવરાત્રી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ઉત્સવ દરમિયાન લોકો માં દુર્ગાની મૂર્તિ સ્થાપના કરી નવ દિવસ સુધી પૂજા અર્ચના કરી બાદમા માં દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન શહેરના જુદા-જુદા તળાવો ખાતે કરતા હોય છે તે દરમિયાન પર્યાવરણની જાળવણી થાય જળ સ્ત્રોતોમાં પ્રદ્રષણ અટકે જળ સૃષ્ટી પર વિપરીત અસર ન થાય અને જાહેર જનતામાં આરોગ્ય ને હાનિ ન પહોચે તથા પર્યાવરણ માં થતા પ્રદુષણને અટકાવવા બોર્ડ દ્વારા તેમજ ઉચ્ચ ન્યાયાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇનને ધ્યાને લઇ માં દુર્ગાની મુર્તિઓના વિસર્જન માટે વડોદરા શહેર મહાનગર પાલિકા દ્વારા કૃત્રિમ તળાવોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન ) એક્ટ -૧૯૮૬ ની કલમ- ૫ મુજબ ગુજરાત સરકાર ના પર્યાવરણ વિભાગના પત્ર નં ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ. તારીખ:૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટ ની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણ ને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતી ના પગલા લેવા જરૂરી જણાય છે.

તેમજ હાલમાં વિશ્વમા કોવિડ-૧૯ કોરોના વાયરસ ફેલાયેલ હોય અને દેશમાં અનલોક જાહેર કરવામાં આવેલ છે. જેમાં વડોદરા શહેરમાં કોરોના વાયરસ ને કારણે સંક્રમણ ના કેસો ઓછા થયેલ હોય જેથી સરકાર શ્રી દ્વારા છૂટછાટ જાહેર કરવામાં આવેલ છે. જે અંગે ગુજરાત સરકાર શ્રી ના ગુહ વિભાગના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-એ તા:૨૪/૦૯/૨૦૨૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા મુજબ કોવિડ-૧૯ ગાઈડ લાઇન નું ચુસ્ત પણે પાલન કરવાની નિયત શરતે S.O.P ને આધિન રહી જાહેર નામાની શરતોને આધિન ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં દુર્ગા પૂજા કરવા મંજૂરી આપેલ છે. સદર તહેવારની ઉજવણી દરમિયાન આ બાબતોને ધ્યાને રાખી વડોદરા શહેર ની જનતાની શાંતી અને સલામતી

જળવાઇ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતી જળવાઇ રહે તે હેતુથી સાવચેતી ના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનુ જરુરી જણાય છે.

-: હુકમ:-

આથી હું ડો. શમશેર સિંઘ (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબર:જીજી/ ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરુ છુ કે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓ બેઠક સહિતની ૪ ફુટ કરતા વધારે ઉંચાઈના બનાવી શકાશે નહી, વેચી શકાશે નહી, કે સ્થાપના કરી શકાશે નહી.

(૨) શ્રી દુર્ગા માતાજીની પી.ઓ.પી ની મુર્તિઓ બનાવવા, વેચવા સ્થાપના કરવા, તથા જાહેર માર્ગો ઉપર પરિવહન કરવા ઉપર

(૩) વડોદરા મહાનગર દ્વારા શ્રી દુર્ગા માતાજીની મુર્તિઓના વિસર્જન માટે નિયત કરવામાં આવનાર સ્વીકાર કેન્દ્રો સિવાયના અન્ય કુદરતી સ્થળે મુર્તિઓના વિસર્જન કરવા ઉપર

(૪) મુર્તિકારો જે જગ્યા એ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યાની આજુબાજુ કોઇ પ્રકારની ગંદકી કરવા કે કોઇ પણ પ્રકારની મુર્તિ રોડ ઉપર જાહેરમા ખુલ્લી રાખવા ઉપર

(૫). શ્રી દુર્ગામાતાજીની માટીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વધેલી તથા ખંડીત મુર્તિઓને બિનવારસી હાલતમા મુકવા નહીં .

(૬). કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાઇ એવા કોઇ ચિન્હો કે નિશાનીઓવાળી મુર્તિઓ બનાવવા ,ખરીદવા તથા વેચવા ઉપર.

(૭.) શ્રી દુર્ગા માતાજીઓની મુર્તિઓના વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો ૨ દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર

(૮). પરમિટ મા દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર

(૯). મૂર્તિઓની બનાવટમા પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર

(૧૦). કોઇપણ આયોજક/ વ્યક્તિ પીવાના પાણી માટે ઉપયોગ મા લેવાતા કુદરતી જળ સ્રોત જેવા કે તળાવ,કુવા,નદી,નહેર,વિગેરે જેવી જગ્યાએ મા દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન કરી શકશે નહીં

(૧૧). મૂર્તિ વિસર્જન માટે સરકાર શ્રી ના વન અને પર્યાવરણ વિભાગ /કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઠરાવેલ પધ્ધતિ સિવાયની કોઇપણ પદ્ધતિથી મૂર્તિ વિસર્જન કરી શકશે નહીં

અધિક મુખ્ય સચિવ શ્રી વન અને પર્યાવરણ વિભાગ ,ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નંબર ઇએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તારીખ ૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા,નદી,તળાવ,નહેર ના પાણી તથા પર્યાવરણ મા થતા પ્રદૂષણ ને અટકાવવા આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તારીખ ૧૮/૦૮/૨૦૧૫ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**<u>અમલવારીનો સમયગાળો-</u>**

આ હુકમ તા.૦૧/૧૦/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૧૦/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**<u>-:શિક્ષા:-</u>**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**<u>વિસ્તાર:-</u>**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ નો સમગ્ર વિસ્તાર

**<u>-:જાહેર વિજ્ઞાપન:-</u>**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી

અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર, વડોદરા

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જય ભારત સહ નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી.સરકારી પ્રેસ.વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામક શ્રી, કોઠી કચેરી, વડોદરા.
**ર/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**